**ક્રિ.પ.અ.નં.૨૯/૨૦૨૬**

**આંક:– ૧ લગત હુકમ**

૧. અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા.

૨. આ કામે અરજદારે હાલની અરજી સરફેસી એકટની કલમ:૧૪ હેઠળ કરી, સામાવાળાઓએ તેઓની મિલકત ઉપર લોન લીધેલી અને તે લોન ભરપાઈ કરવામાં નિષ્ફળ જતા તેઓને સરફેસી એકટની કલમ–૧૩(૨) હેઠળની નોટીસ આપેલી તેમ છતાં સામાવાળાઓ બાકી લોનની રકમ ભરવામાં નિષ્ફળ જતાં હાલની અરજી સરફેસી એકટ ની કલમ:૧૪ હેઠળ કરી મિલકતનો ફિઝીકલ કબજો કોર્ટ કમિશ્નર નીમી અરજદારને સુપ્રત કરવા માટે કરેલી છે.

૩. રજુ થયેલ અરજી તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં **THE PIECE AND PARCEL OF IMMOVEBLE PROPERTY BEARING AT–MOUJE–KHALI, CONSOLIDATED NEW R.S.NO.251 PAIKI 2, SHOP NO. F/8 ON FIRST FLOOR, "EKTA COMPLEX", TA.SIDDHPUR & Dist. Patan વાળી મિલકત ઉપર** સામાવાળા ઓએ અરજદાર **Csl Finance Ltd.** પાસેથી લોન મેળવેલી, જે લોનના હપ્તા ભરવામાં સામાવાળા ઓ નિષ્ફળ જતા, અરજદાર ધ્વારા નોટીસ આપેલી, જે નોટીસ સામાવાળા ઓને અરજદર ફાઈનાન્સ કંપની ધ્વારા બજવણી કરવામાં આવેલ છે તેમ છતાં સામાવાળા ઓએ બાકી લોનની રકમ ભરેલ ન હોવાથી હાલની અરજી કરી જે મિલકત ઉપર સામાવાળા ઓએ લોન મેળવેલી તે મિલકતનો કબજો મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

૪. અરજદારે રજૂ કરેલા તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા સામાવાળા ઓ લોનની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલા છે, જેથી અરજદારે સરફેસી એકટની કલમ–૧૩(૨) મુજબની નોટીસ સામાવાળા ઓને આપેલી છે તેમ છતાં સામાવાળા ઓએ રકમ ભરપાઈ કરેલ નથી જેથી સરફેસી એકટ ની કલમ–૧૪ મુજબ તકરારી મિલકતનો કબજો મેળવવાની અરજી મંજુર થવાને પાત્ર છે. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ઓથોરાઈઝ ઓફિસર ઈન્ડીયન બેંક વિ. ડી.વિશાલાશી એન્ડ અધર્સ સીવીલ અપીલ નંબર: ૬૨૯૫/૨૦૧૫ ના પેરા ૪૮ માં જણાવ્યા મુજબ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટને પણ સરફેસી એકટ ની કલમ–૧૪ હેઠળની અરજી નિર્ણિત કરવાની હકુમત છે, જેથી અત્રેની અરજી

ચલાવવાની અત્રેની કોર્ટને હકુમત હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

૧. અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. **<u>શ્રી વી.જી.ઠાકર, આસીસ્ટન્ટ,</u>** પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ, સિધ્ધપુર નાઓની આ કામે કોર્ટ કમિશ્નર તરીકે સરફેસી એકટની કલમ ૧૪ અન્વયે નિમણુંક કરવામાં આવે છે.

૩. કોર્ટ કમીશ્નરશ્રીને આદેશ કરવામાં આવે છે કે, અરજદારની અરજીમાંના પેરા- ૧૬ માંની દાદમાં જણાવેલ સિકયોર મિલકતનુ પઝેશન મેળવી અરજદાર **<u>Csl Finance Ltd.</u>** ના અધિકૃત ઓફીસરશ્રીને સોંપવી.

૪. જો બોજાવાળી મિલકત બંધ હાલતમાં હોય તો કોર્ટ કમીશ્નરશ્રીએ લોક તોડીને તેનો કબજો મેળવવો.

૫. જો લોક તોડીને બોજાવાળી મિલકતનો કબજો મેળવવામાં આવે તો કોર્ટ કમીશ્નરશ્રીએ મિલકતમાં રહેલ તમામ મુવેબલ પ્રોપર્ટીનુ લીસ્ટ તૈયાર કરવુ અને તે મિલકત અરજદરના અધિકૃત ઓફીસરને સુપ્રત કરવી અને લિસ્ટની કોપી પંચનામા સાથે સામેલ રાખવી.

૬. અરજદારે મિલકતનો કબજો લેતી વખતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સબંધિત પોલીસ સ્ટેશનને આદેશ કરવામાં આવે છે કે, કોર્ટ કમીશ્નરશ્રીને કબજો લેવામાં મદદરુપ થવા માટે બે પુરુષ અને એક મહિલા પોલીસ કર્મચારી પુરા પાડવા તે માટે પી.આઈ.શ્રીને સુચના આપવામાં આવે છે. કોર્ટ કમીશ્નરશ્રીને દિન-૩૦ માં જરુરી પોલીસ પ્રોટેકશન પુરુ પાડવુ. પી.આઈ.શ્રી ને હુકમ કરવામાં આવે છે કે, ગુજરાત સરકાર હોમ ડીપાર્ટમેન્ટના સરકયુલર નંબર: SB II-GNH/112017/998- Part file Date 03 December,2020 મુજબ સરફેસી અન્વયે જયારે પોલીસ પ્રોટેકશન આપવાનો સવાલ ઉત્પન્ન થાય ત્યારે પોલીસ ઓથોરીટીએ કોઈપણ વ્યકિતના નિવેદન નોંધવાના નથી તેવી સ્પષ્ટ સુચના પેરા.૩ માં કરેલ હોવાથી પોલીસ ઓથોરીટીએ નાણાંકીય સંસ્થા કે સામાવાળાઓને બોલાવીને પોલીસ નિવેદનો નોંધવાની કાર્યવાહી કરવાની નથી અને સત્વરે અરજદાર/નાણાંકીય સંસ્થાને પોલીસ પ્રોટેકશન પુરુ પાડવાનુ છે અને આ હુકમની નકલ સંબધિત પી.આઈ.શ્રી સમક્ષ રજુ થાય તે દિવસથી ૩૦ દિવસમાં અચુકપણે પોલીસ પ્રોટેકશન પુરુ પાડવાનો આદેશ પોલીસ ઓથોરીટીને કરવામાં આવે છે. પોલીસ પ્રોટેકશનનાં ખર્ચ પેટેની રકમ સંબધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવી.

૭. અરજદારે મિલકતનો કબજો મેળવવા માટેની કાર્યવાહીનો તમામ ખર્ચ જાતે ભોગવવાનો રહેશે અને તે માટે કોર્ટ કમીશ્નરને પુરતી મદદ કરવાની રહેશે.

૮. અરજદારે હાલ કોર્ટ કમીશ્નરના મહેનતાણા પેટે આશરે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નામદાર કોર્ટમાં જમા કરાવવા અને તે રકમ જમા થયા બાદ કોર્ટ કમીશ્નરશ્રીને જાણ કર્યા બાદ કબજો મેળવવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને તે કાર્યવાહી ૯૦ દિવસમાં પુર્ણ કરવાની રહેશે અને તે અંગેનો વિગતવારનો રીપોર્ટ કોર્ટને સુપ્રત કરવાનો રહેશે.

૯. કોર્ટ કમીશ્નરશ્રીએ આ કાર્યવાહી રજાના દિવસે અથવા વર્કીંગના કલાકો સિવાયના સમયમાં કરવાની રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા. ૧૦/૦૩/૨૦૨૬
મુ. સિધ્ધપુર

**(નિતીનચંદ્ર નવીનચંદ્ર દવે)**
**એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર.**
**કોડ નંબર જી.જે.૦૧૦૬૯**